# શામપુર ગામે આજે ડુંગર પર ૧૩ ફૂટનું મેરાયુ પ્રગટાવાશે

મોડાસા, તા. ૧૦

મોડાસા તાલુકાના શામપુર ગામમાં આવેલા કુઢેરાના ડુંગર પર આવેલા ૧૩ ફુટનું મેરાયુ પ્રગટાવવાની વર્ષોથી પરંપરા ચાલી આવે છે. કુઢેરાના ડુંગર પર વર્ષોથી ગ્રામજનો અને આજુબાજુના શ્રદ્ધાળુઓ ભેગા મળીને દિવાળીના તહેવારમાં મેરાયુ પ્રગટાવે છે. શામપુર અને આજુબાજુના વિસ્તારોમાં કુઢેરા ડુંગર પર આવેલા મેરાયાનો અનેરો અને આગવો મહિમા રહેલો છે. કેટલાક વડીલોના જણાવ્યાનુસાર વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ દિવાળીની રાત્રે ડુંગર પરનું મેરાયુ પ્રગટ્યા બાદ આજુબાજુના ગામોમાં મેરાયા પ્રગટાવી દિવાળીના તહેવારની શરૂઆત કરવામાં આવે છે.



દિવાળીના તહેવારમાં આ મેરાયાની દિવેટ બનાવવા માટે બે જોડી નવી ધોતીના જોટાની વાટ બનાવવામાં આવે છે તેમજ આ ચાલીસ કિલો જેટલું ઘી અને તેલ સમાય એવડી મોટી કુંડી મેરાયામાં બનાવેલી છે.

જેમાં આ વાટને પલાળીને સંધ્યા ટાણે કુઠેરા મંદિરમાં આરતી અને જયઘોષ કરી ૧૩ ફુટનું મેરાયુ પ્રગટાવામાં આવે છે. આ મેરાયાનો પ્રકાશ આજુબાજુના રામપુર, ગઢડા, ખંભીસર, સરડોઈ, મેઢાસણ, લાલપુર, નવા, દાવલી જેવા ગામોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. દિવાળીથી માંડીને છેક પંદર દિવસ સુધી આ મેરાયુ પ્રજવલ્લિત રહે છે. આજુબાજુના ગામોના શ્રદ્ધાળુઓ મેરાયાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# પાલનપુરમાં સોનાના વેપારીને ચિત્તભ્રમ કરી ગઠીયા ૨.૬૦ લાખનું સોનું લઈ ફરાર

પાલનપુર, તા. ૧૦

પાલનપુર શહેરના હાર્દસમા ટ્રાફીકથી ધમધમતા વિસ્તાર દીલ્હીગેટ સ્થિત એક સોના ચાંદીના વેપારીની દુકાનમાં આજે સમી સાંજે થઈ જતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

સ્થળથી મળેલ વિગતો મુજબ પાલનપુરના દિલ્હીગેટ - શ્રી દર્શન કોમ્પ્લેક્ષમાં સોના-ચાંદીની દુકાન લઈ બાદમાં બે ગ્રામ ચાંદીની ખરીદી પણ કરેલ. વાતચીત દરમિયાન વેપારીને ચીત્તભ્રમ કરી આ બે શખ્સો તેમની નજર સામે જ ૧૦૦ ગ્રામ સોનાનો એક તથા ૫૦ ગ્રામના બે




બે ગઠીયાઓએ વેપારી પાસે રૂપિયા સોના છુટા માંગી વેપારીને ચીત્તભ્રમ કરી તેની નજર સામે જ ૨.૬૦ લાખનું સોનું લઈ સિફતપૂર્વક ફરાર ધરાવતા શૈલેષભાઈ પંચાલ આજે પોતાની દુકાનમાં હતા ત્યારે બે હિન્દીભાષી શખ્સો તેમજ દુકાનમાં આવી ૨. ૧૦૦ના છુટા માંગેલ છુટા સિક્કા લઈ ફરાર થઈ ગયા હતા. બાદમાં વેપારીને જાણ થતાં પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ આરંભી છે.

# માનવ જીંદગી અમૂલ્ય છે ફટાકડા ફોડતાં સાવચેતી રાખશો

મહેસાણા, તા. ૧૦

માનવ જીંદગી અમુલ્ય છે. પણ આપણે બધા તહેવારોની ઉજવણીમાં મશગુલ બની દારૂખાનુ કે ફટાકડા ફોડવામાં બેફિકરાઈ રાખી દાઝી જવાના બનાવો બને છે. દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે. દારૂખાનું અધિકૃત વેચાણકર્તા પાસેથી ખરીદવાનો આગ્રહ રાખવો. ગેસ, દિવાસળી જેવા જલદી સળગી ઉઠે તેવા પદાર્થોથી દારૂખાનુ દૂર રાખવા અને દારૂખાનું સળગાવ્યા પછી તેનાથી સલામત અંતરે રહેવું.

દારૂખાનુ અગરબત્તીથી ફોડવું અને સુતરાઉ પેન્ટ શર્ટ કે શલવાર-કમીઝ પહેરીને ખુલ્લી જગ્યામાં કે રમતના મેદાનમાં ફોડવું જોઈએ. દારૂખાનુ ફોડતા દાઝી જવાય તો દાઝવા પર તરત માટલા કે નળનું ઠંડુ પાણી રેડવું. દાઝવા પર સલ્ફેડીપાઝાઈન ક્રિમ લગાડી તુરંત ડોક્ટરની સલાહ લેવી અને પગને ઢાંકવા ફટાકડા ફોડતી વખતે બુટ પહેરીને રાખવા જોઈએ. ઉપરાંત સારવાર કરતા સાવચેતી વધુ ઈચ્છનીય છે.

પુખ્ત વયની વ્યક્તિઓની ગેરહાજરીમાં બાળકોને દારૂખાનુ ફોડવા ન દેશો. ઘરમાં કે સાંકડી ગલીમાં દારૂખાનું ન ફોડશો. દારૂખાનુ ફોડતી વખતે સાડી કે દુપટ્ટા જેવા વસ્ત્રો ન પહેરશો. ફટાકડા પર ટીન કન્ટેનર કે બોટલ ઢાંકીને ન ફોડશો. ખિસ્સામાં દારૂખાનું ભરીને ન રાખશો. દારૂખાનુ હાથમાં રાખીને ન ફોડશો. ફુટ્યા વિના ફટાકડા ચકાસવા નજીક જશો નહી, દારૂખાનાથી દાઝ્યા પછી દાઝ્યા પર કાપડની રાખ કે, દહીં જેવા પદાર્થો લગાવશો નહીં. ચીકણો કે તેલી પદાર્થ યુક્ત મલમ કે ક્રિમ ચોપડશો નહી. કોઠી ફોડતી વખતે અચુક સાવધાની રાખવી.

# જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૮૨૭ અને ન.પા.માં. ૧૪૮ ફોર્મ ભરાયાં

સાબરકાંઠા, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૬, આઠ તાલુકા પંચાયતની ૧૭૨ અને હિંમતનગર નગરપાલિકાની ૩૬ બેઠક માટે મંગળવારે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ સમય બાદ ત્રણેયના મળી ૯૭૫ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જોકે આ ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૧૪ નવેમ્બરને શનિવારે થશે. ત્યારબાદ ૧૬ નવેમ્બર સુધી ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે. ત્યારબાદ ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે.

આ અંગે ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત અને હિંમતનગર પાલિકાની તા. ૨૯ નવેમ્બરે યોજાનાર ચૂંટણી સંદર્ભે જાહેરનામામાં કરાયેલી જાહેરાત અંતર્ગત મંગળવારે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો. જેથી તેમાં ૯૭૫ ઉમેદવારીપત્રો ભરાયા છે. જોકે આ વખતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં મળી ૫૭ અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. જેના કારણે ભાજપ અને કોંગ્રેસને આ અપક્ષો ગમે ત્યાં નડે તેવી શક્યતાઓ રાજકારણીઓ દ્વારા દર્શાવાઈ રહી છે. તેથી તેમને સમજાવી લેવા માટે શામ, દામ, દંડ અને ભેદની નીતિ અત્યારથી જ અખત્યાર કરી દેવાઈ છે. જો કે તા. ૧૬ નવેમ્બરે ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ આખરી ચૂંટણી ચિત્ર સ્પ્ટ થશે. હાલ તો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની બેઠકો માટે અનેક સમીકરણો રચાઈ રહ્યા છે.

# ઊંઝામાં તસકરોએ પાંચ દુકાનનાં તાળાં તોડ્યાં

ઊંઝા, તા. ૧૦

વેપારી મથક ઊંઝા શહેરમાં દિવાળીના તહેવારોમાં ચોરીઓની પરંપરાથી વેપારીઓ અને આમ જનતામાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ગઈરાત્રે ઊંઝા શહેરના મુખ્ય રાજમાર્ગ પર સરદાર ચોક પાસે આવેલ ત્રણ કરીયાણાની દુકાનો, એક વાસણની દુકાન અને અન્ય એક જનરલ સ્ટોર્સ મળી કુલ પાંચ દુકાનોને તસકરોએ નિશાન બનાવી હતી. આ દુકાનોના તાળાં તોડી અંદરથી કોઈ તસકરો રોકડ રકમ અને માલ સામાન વગેરે મળી અંદાજે પચાસ હજારની મતાની ઉઠાંતરી કરી ગયા હતા. શહેરમાં એક સાથે પાંચ દુકાનો તૂટતાં વેપારી વર્ગ અને શહેરીજનોમાં ભયની લાગણી પ્રસરી છે. દરમિયાન ઉપરોક્ત ચોરીઓના કિસ્સા અંગે સ્થાનિક પોલીસ મથકનો સંપર્ક સાધથાં ફરજ પરના પી.સ.ઓ.એ ચોરી અંગેનો કોઈ ગુનો નોંધાયો ન હોવાનું જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઊંઝા પોલીસ મથકની હદમાં છેલ્લા ઘણા વખતથી પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરુદ્ધના ગુનાઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું હોઈ સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. ઊંઝા પંથકમાં દારૂ, જુગારના અડ્ડાઓ તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓએ પણ ઉપાડો લીધો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

# ખેડબ્રહ્માામાં જીપની ટક્કરથી નવી મેત્રાલ ગામના યુવકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા શહેરમાં એક જીપગાડીની ટક્કરથી એક યુવકને ગંભીર ઈજાો પહોંચતા ઈજાગ્રસ્તનું ઘટનાસ્થળે મોત નિપજવા સંદર્ભે અજાણ્યા જીપચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માની હરણાવ નદીના પૂલ ઉપર મંગળવારે સવારે સાડાદસ વાગ્યાના સુમારે જીપગાડી નં. જીજે-૦૯-એમ-૪૬૧૫ના ચાલકે પોતાના કબજાની જીપગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સામેથી આવતી મોટર સાયકલ નં. જીજે-૦૯-સી.ઈ.-૬૭૨૯ને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેથી મોટર સાયકલના ચાલક રાકેશકુમાર સતીષભાઈ જોષી (ઉ.૨૨) રહે. નવી મેત્રાલને માથાના ભાગે ગંભીર



ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

આ અંગે વાસણા ગામના અરુણકુમાર મણીલાલ રાવલે અકસ્માત સર્જી નાસી ગયેલ. અજાણ્યા જીપગાડી ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાલનપુર નગરપાલિકામાં ટીકીટ વહેંચણીમાં વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રનો દબદબો

પાલનપુર, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી, પાલનપુર શહેર નગરપાલિકામાં વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર, બનાસકાંઠાના કોષાધ્યક્ષ મેહુલભાઈના ધર્મપત્નિ શ્રીમતિ મહીલા કેન્દ્રના મહામંત્રી શ્રી મીનાબેન સોનીને ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા દ્વારા મેન્ડેડ આપવામાં આવશે. તથા તેમનું ફોર્મ પાલનપુર પ્રાન્ત ઓફીસ પર વિવેકાનંદ યુવા કેન્દ્રના જિલ્લાના વિકાસ બોંકના ડિરેકટર શ્રી ગણપતભાઈ જોષી, વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના જિલ્લા ચેરમેનશ્રી ગૌરાંગભાઈ પાધ્યા, મહીલા ચેરમેનશ્રી સાધ્વીજી નિર્મલપુરીજી, મહામંત્રી ગોવિંદભાઈ, મંત્રી



સુરજબેન મેહુલભાઈ ગઢવી, શહેર વિવેકાનંદ કેન્દ્રના પ્રમુખ શ્રી વિપુલભાઈ રાવલ તથા જીલ્લા હોદેદારો અને સભ્યો દ્વારા ભરાવવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ કનકસિંહ તથા મોટી સંખ્યામાં વિવેકાનંદ કેન્દ્રના સભ્યો હાજર રહ્યા હતા.

# પોગલુ પાટીયા પાસે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નનાપુરની મહિલાના ગળામાંથી અજાણ્યા ચેનચોરો દ્વારા ૩૮૦૦૦ હજારના દોરાની ચોરી કરી લઈ જતાં મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના નનાપુર ગામે રહેતા નૈમીતાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ કે જેવો સોમવારના રોજ તેમના પતિ સાથે પ્રાંતિજ બજારમાં દિવાળીની ખરીદી કરવા માટે પ્રાંતિજ ખાતે આવ્યા હતા અને ખરીદી બાદ તેવો બંને જણા પોતાની મોટર સાઈકલ ઉપર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સાંજના ૬.૦૦ કલાકે નેશનલ હાઈવે આઠ પોગલું પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી કાળા કલરનું પલ્સર બાઈક જેમાં બે અજાણ્યા ચેનચોર આવી ચાલુ બાઈકે નૈમીતાબેનના ગળામાંથી દોઢ તોલાનો દોરો જેની કિંમત ૩૮૦૦૦ હતી તે ઝુંટવી રફુચકકર થઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નૈમિતાબેન ચંદ્રકાન્તભાઈ પટેલની ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી બે અજાણ્યા પલ્સર બાઈક સવારની શોધખોળ હાથ ધરી છે.

# સરસવની યુવતી સાથે દુષ્કર્મ કરાતાં ૬ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૦

વિજયનગર તાલુકાના સરસવ ગામે રહેતી એક યુવતીનું એક બાઈકચાલક તથા અન્ય પાંચ શખ્સોએ ચારેક માસ અગાઉ અપહરણ કરી તેણીને ઇડર તાલુકાના વસાઈ પાસે આવેલ એક સ્થળે ગેરકાયદે ગોંધી રાખી તેની સાથે દુષ્કર્મ કર્યુ હતું. ત્યારબાદ આ અંગે દુષ્કર્મનો ભોગ બનનાર યુવતીએ સોમવારે મહેન્દ્રભાઈ બારા, હેમાજી બારા, મીરાબેન બારા તથા અન્ય બે શખ્સો મળી છ જણા વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો જાહેર

પાલનપુર, તા. ૧૦

પાલનપુર નગરપાલિકા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ૧૧ વોર્ડના ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી.

| | | |
|---|---|---|
| વોર્ડ નં. ૧ | સામાન્ય સ્ત્રી | રાવલ હેતલબેન ગીરીશકુમાર |
| | સામાન્ય સ્ત્રી | સંતોષબેન અશરફલાલ રાજપૂત, |
| | અનુ. જાતિ | સોલંકી ચીમનલાલ સોમાભાઈ |
| | સામાન્ય | પઢિયાર શાંતિલાલ પોપટલાલ |
| વોર્ડ નં. ૨ | સામાન્ય સ્ત્રી | રાવલ કુસુમબેન ચંદ્રકાન્ત |
| | સામાન્ય સ્ત્રી | ગેહાણી પરમેશ્વરીબેન ગિરધારીલાલ |
| | સામાન્ય | પઢિયાર જયંતિભાઈ મોહનભાઈ |
| | સામાન્ય | રાવલ વિપુલ લલીતભાઈ |
| વોર્ડ નં. ૩ | અનુજાતિ સ્ત્રી | ડાભી શીલાબેન રાજેન્દ્રકુમાર |
| | સામાન્ય સ્ત્રી | મહેશ્વરી હર્ષાબેન અશોકભાઈ |
| | સામાન્ય | જોષી વિજયકુમાર સુરેશભાઈ |
| | સામાન્ય | દેસી અમરતભાઈ રામજીભાઈ |
| વોર્ડ નં. ૪ | સામાન્ય સ્ત્રી | સિંધી ગજાલાબેન અજીતભાઈ |
| | સામાન્ય સ્ત્રી | ચક્વર્તી જયશ્રીબેન અનિલકુમાર |
| | પછાત વર્ગ | બાબી યુનુસભાઈ જમાલભાઈ |
| | સામાન્ય | ઠાકોર સલીમભાઈ કરીમભાઈ |
| વોર્ડ નં. ૫ | સામાન્ય સ્ત્રી | પઠાણ મહેરુનનીશા સરફરાજખાન |
| | સામાન્ય સ્ત્રી | સોની મીતાબેન ચંપકભાઈ |
| | સામાન્ય | સિંધી અજીત નજીરમીયાં |
| | સામાન્ય | નાગોરી ક્યુમખાન સમશેરખાન |
| વોર્ડ નં. ૬ | અનુજાતિ સ્ત્રી | પરમાર નાથીબેન ગણેશભાઈ |
| | સામાન્ય સ્ત્રી | પંચાલ અલકાબેન દિનેશભાઈ |
| | પછાત વર્ગ | ઠાકોર અશોકભાઈ ભીખાજી |
| | સામાન્ય | રાવલ દેવેન્દ્રકુમાર હિરાલાલ |
| વોર્ડ નં. ૭ | સામાન્ય સ્ત્રી | શેખ મદીનાબેન સાજીદભાઈ |
| | સામાન્ય સ્ત્રી | ઠાકોર ભારતીબેન ભરતકુમાર |
| | સામાન્ય | જોષી પંકજકુમાર શંકરલાલ |
| | સામાન્ય | સોલંકી દશરથસિંહ જવાનસિંહ |
| વોર્ડ નં. ૮ | સામાન્ય સ્ત્રી | લીંબાચીયા વૈશાલીબેન બાબુભાઈ |
| | સામાન્ય સ્ત્રી | ગઢવી સુરજબેન મેહુલભાઈ |
| | સામાન્ય | દિપકભાઈ એમ. પટેલ |
| | સામાન્ય | જોષી અતુલકુમાર રમણીકલાલ |
| વોર્ડ નં. ૯ | પછાત વર્ગ સ્ત્રી | વાઘેલા રાજુલબેન કરશનભાઈ |
| | સામાન્ય સ્ત્રી | જાની નીલમબેન સંજયભાઈ |
| | સામાન્ય | પટેલ રામચંદભાઈ મગનલાલ |
| | સામાન્ય | પ્રજાપતિ જગદીશભાઈ મોતીભાઈ |
| વોર્ડ નં. ૧૦ | સામાન્ય સ્ત્રી | મોઢ જાગૃતિબેન વિજયકુમાર |
| | સામાન્ય સ્ત્રી | મહેતા જાગૃતિબેન વિજયકુમાર |
| | અનુ. જનજાતિ | પરમાર પાર્થસારથી ડુંગરસિંહ |
| | સામાન્ય | પઢિયાર હસમુખભાઈ મોહનભાઈ |
| વોર્ડ નં. ૧૧ | પછાત વર્ગ સ્ત્રી | પ્રજાપતિ રેવાબેન ત્રિભોવનભાઈ |
| | સામાન્ય સ્ત્રી | પટણી ગીતાબેન ધીરુભાઈ |
| | અનુ. જાતિ | પરમાર ગીરીશભાઈ કાન્તિલાલ |
| | સામાન્ય | પટેલ ડાહાભાઈ બેચરભાઈ |

# અરવલ્લી-સાબરકાંઠામાં દિવાળીની ઉજવણી કરાશે

મોડાસા, તા. ૧૦

અંધકાર પર ઉજાસનો પર્વ એટલે દિવાળીની આજે સમગ્ર દેશમાં શ્રદ્ધા, ઉમંગ અને ભક્તિભાવપુર્ણ ઉજવણી કરવામાં આવશે. કાળી ચૌદશના તહેવારને લઈ જિલ્લાના હનુમાનજી મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી હતી. ભક્તોએ કાળી ચૌદશના પર્વને લઈ પૂજા, અનુષ્ઠાન કર્યા હતા. તેમજ તાંત્રીકો દ્વારા ઉપાસના કરવામાં આવી હતી. ત્યારે આજે દિપાવલીના તહેવારને લઈ સૌ કોઈમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. ગૃહિણીઓ દ્વારા ઘરના આંગળાઓને નયનરમ્ય, મનમોહક રંગોળીથી સજાવશે. જ્યારે યુવાઓ અને ભુલકાઓ મનમુકીને આકાશમાં આતશબાજી કરવામાં આવશે. રહિશો નવા વસ્ત્રોમાં પરિધાન કરી સગાસંબંધી, મિત્રોને દિપાવલીની શુભકામનાઓ પાઠવશે. દિપાવલીના તહેવારને લઈને સરકારી કચેરીઓ, દુકાનોમાં રંગબેરંગી રોશની કરવામાં આવશે.

# કોટડામાં ડૉક્ટરે આત્મહત્યાની ધમકી આપતાં અટકાયત કરાઈ

હિંમતનગર, તા. ૧૦

પોશીના તાલુકાના કોટડા ગામે એક વર્ષથી પ્રેક્ટીસ કરતા અને દોઢ વર્ષ અગાઉ તેમને સરકારી નોકરીમાંથી ફરજિયાત સેવા નિવૃત્ત કરાતા આ તબીબે ન્યાય ન મળતા આત્મહત્યાની આપેલી ધમકી બાદ ખેરોજ પોલીસે તેમની મંગળવારે બપોરે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે કોટડા ગામે ડો. ચંદ્રપ્રકાશ ગંગાસિંગ મકવાણા (ઉ.૫૪) બોગસ પ્રેક્ટિસ કરતા હોવાને કારણે ૧૬ ઇસમોએ તેમની વિરુદ્ધ અરજી કરી હતી. જેથી તેમને ન્યાય ન મળતા થોડા સમય અગાઉ ખેરોજ પોલીસ સ્ટેશનમાં અરજીની તારીખ અને આત્મહત્યા કરવાનો સમય દર્શાવ્યો ન હતો. જેના કારણે પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું.

ત્યારબાદ મંગળવારે ખેરોજના પી.એસ.આઈ. એ. એસ. રબારીએ કોટડા ખાતે ક્લીનીક ચલાવતા ડો. ચંદ્રપ્રકાશ મકવાણાની અટકાયત કરી લીધી હતી. આ વિસ્તારના લોકોએ કરેલા આક્ષેપ મુજબ ડો. મકવાણા ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જેના કારણે ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં તેમનો ત્રાસ વધુ છે. લોકોના કહેવા મુજબ ડો. ચંદ્રપ્રકાશ મકવાણાની ગુનાહિત પ્રવૃત્તિઓના કારણે જ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તેમને ડીસમીસ કરી દેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે તેમના પત્નિ ડો. લાજવંતીબેન પોશીના તાલુકાના આજાવાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે.